| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૧૨ | ૦૫ | ૨૦૨૬ |
| **રજી.તારીખ** | ૧૨ | ૦૫ | ૨૦૨૬ |
| **ફે. તારીખ** | ૦૨ | ૦૬ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફો.પ.અ.નં.૫૭/૨૦૨૬**
**આંક–૧૦**

અરજદાર– **પ્રીયા મોહનભાઈ લુણસીયા**
**વા.ઓ.મનોજ બાબુભાઈ મકવાણા**
ઉ.વ.આ.૨૯, ધંધો–ઘરકામ,
રહે. શેઠવડાળા, તા.જામજોધપુર
જી.જામનગર.

**વી.**

સામાવાળા– (૧) **મનોજ બાબુભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૩૭, ધંધો–વેપાર,
(૨) **બાબુભાઈ ભોજાભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૬૬, ધંધો–વેપાર,
(૩) **રૂપાબેન બાબુભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૬૪, ધંધો–ઘરકામ,
રહે. બધા વિભાપર ઠે. ડો.આંબેડકર ચોક પાસે,
પંચાયતવાળિ શેરી, તા.જી.જામનગર.

બાબત:– **બી.એન.એસ.એસ. કલમ–૧૦૦ મુજબ સગીર પુત્રીનો કબ્જો સર્ચવોરંટથી મળવાની અરજી.**

| | |
|---|---|
| **અરજદાર તરફે વિ.વ.શ્રી** | એમ.એલ.પાથર |
| **સામાવાળ તરફે વિ.વ.શ્રી.** | પી.સી.મકવાણા |

## – :: ઠરાવ :: –

**૧.** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અમો આ કામના અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં. ૧ સાથે આજથી આશરે સાતેક વર્ષ પહેલા અમારી જ્ઞાતિના રીતરીવાજ મુજબ થયેલ છે અને અમારા લગ્ન જીવનથી સંતાનમા પુત્ર આયુષ, ઉ.વ.આ. ૫ તથા પુત્રી હર્ષિદા ઉ.વ.૧ માસ ૫ થયેલ છે હાલમા સામાવાળા પાસે છે.

**૧.૧.** આ કામના સામાવાળાઓ લગ્નની શરૂઆતથી જ અમારા ચારિત્ર પર શંકા કુશંકા કરી કરિયાવર બાબતે મેણા–ટોણા બોલી શારિરીક માનસિક દુઃખ ત્રાસ આપતા હતા અને અવાર –નવાર ઘરમાથી પહેરેલ કપડે કાઢી મુકતા હતા આમ છતા પણ અમો સગીર સંતાનના સુઃખદ ભવિષ્ય માટે બધાનો દુઃખ ત્રાસ સહન કરતા હતા.

**૧.૨.** આજથી આશરે ત્રણેક માસ પહેલા આ કામના સામાવાળાઓએ એક સંપ કરી અમારા ચારિત્ર પર આક્ષેપો કરી અમોને ગાળો આપી માર મારી સગીર સંતાનોને અમારી પાસેથી ઝુંટવી લઈ પહેરેલ કપડે ઘરમાથી કાઢી મુકેલ અને સગીર સંતાન પુત્રી હર્ષિદાને માતાના સાંનિધ્યની જરૂરીયાત હોય આ કામના સામાવાળાઓને સગીર સંતાન હર્ષિદાને સોંપી આપવા વિનવણી કરેલ છે પરંતુ સામાવાળાઓ સગીર સંતાનનો કબજો સોંપી આપતા નથી અને અમારા ચારિત્ર પર ખોટા આક્ષેપ કરી અમો અજદાર તથા અમારા ઘરના તમામ સભ્યો સામે જામનગરના મહે.ડી.એસ.પી. સાહેબશ્રી સમક્ષ ખોટી અરજી કરેલ અને અમોને હેરાન પરેશાન કરેલ છે.

**૧.૩.** સામાવાળાઓ સગીર પુત્રી હર્ષિદાની બરાબર અને કાળજી પુર્વક દેખભાળ કરતા નથી અને સગીર પુત્રી હર્ષિદા પ્રથમથી જ અમારી સાથે રહેવાની ટેવવાળી હોવાથી અમારા વિના રહેતી નથી જેથી તેઓ સતત રડયા કરે છે. મારી આ પુત્રી સગીર વયની હોય તેથી તેને માતાનાં વાલીપણાની જરૂર છે. જો આ ઉમરે મારી પુત્રીને માતાનુ વાલીપણુ ન મળે તો મારી પુત્રીની જીંદગી બરબાદ થઈ જવાની શકયતા છે અને સામાવાળાઓ ઈરાદા પુર્વક મારી પુત્રીને મારી પાસે આવવા દેતા નથી કે અમોને મારી પુત્રીને મળવા દેતા

નથી અને મારી પુત્રીને માતાના પ્રેમથી વંચિત રાખી ગેરકાયદે ગોંધી રાખેલ છે જેથી હાલની અરજી કરવાની જરૂરત પડેલ છે.

**૧.૪.** આ અરજી લાવી હું અરજદાર દાદ માંગુ છુ કે

સામાવાળાઓના કબજામાંથી અમારી સગીર પુત્રી હર્ષિદા ઉ.વ. ૧ વર્ષ ૫ માસને સર્ચવોરંટથી પકડી મંગાવી અમો અરજદારને સગીર પુત્રી હર્ષિદાનો કબજો સોંપવા અરજ કરેલ છે.

**૨.** અરજદાર દવારા હાલની અરજી દાખલ કરતા વિધીસર રીતે રજીસ્ટરે નોંધી આ કામના સામાવાળઓને નોટીસ કરતા નોટીસ બજી જતા તેમના વકીલશ્રી મારફત સામાવાળા નં.૧ હાજર રહેલ છે જયારે સામાવાળા નં.૨ તથા ૩ હાજર રહેલ નથી.

**૩.** આ કામે અરજદારની અરજી અન્વયે આંક–૦૮ થી સામાવાળા નં.૧ નાઓએ જવાબ રજુ કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે,

**૩.૧.** અમો સામાવાળાની પત્નીએ અમો સામાવાળા વિરુદ્ધ નામદાર કોર્ટમાં BNSS કલમ ૧૦૦ હેઠળ બાળકોનો કબજો મેળવવા જે સર્ચ વોરંટની અરજી કરેલી છે, તે તદ્દન ખોટી, કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કરનારી અને હકીકતથી વેગળી હોઈ રદ થવા પાત્ર છે. તે અંગેના કાનૂની અને હકીકતલક્ષી વાંધાઓ નીચે મુજબ છે:

**૩.૨.** અમો સામાવાળા વિરુદ્ધ BNSS ની કલમ ૧૦૦ ની જોગવાઈ ત્યારે જ લાગુ પડે છે જ્યારે કોઈ વ્યક્તિને ગેરકાયદેસર રીતે અને ગુનાહિત હેતુથી ગોંધી રાખવામાં આવી હોય. જ્યારે અમો સામાવાળાની પુત્રી હર્ષિદા ઉ.વ.૧.૫ વર્ષ જે અમોની સાથે રહે છે અમો સામાવાળા તેના સગા પિતા તથા દાદા દાદી ના કાયદેસરના રક્ષણ અને પ્રેમમાં જીવી રહી છે. પિતા પાસે બાળકનું હોવું તે ક્યારેય 'ગેરકાયદેસર અટકાયત' કહી શકાય નહીં. તેથી આ અરજી કાનૂની રીતે ટકી શકે તેમ નથી.

**૩.3.** હાલના અરજદારે પુત્રી હર્ષિદાનો ત્યાગ આજથી આશરે ૪ માસથી સામેથી ત્યાગ કરેલ છે ત્યારથી અમોએ તેઓનો સરીરીતે ઉછેર કરેલ છે

**૩.૪.** આ કામના અરજદારને અમો સામાવાળા પસંદ ન હોય અને આખો દિવસ કોઈ પરપુરુષ સાથે ફોન પર વાતો કરતાં હોય જે અંગે અમોએ

અરજદાર સાથે વાતચિત કરતાં સામાવાળા અમોની સાથે જગડો કરવા લાગ્યા જેથી અમોએ ૧૮૧ માં ફોન કરતાં અમો તથા અરજદારને પોલીસ સ્ટેશન લઈ ગયેલા જ્યાં આ કામના અરજદારે પોલીસ રૂબરૂ નિવેદનમાં જણાવેલ કે મારે મારા પતિ સાથે કે મારા દીકરા દીકરી સાથે કોઈ સબંધ નથી મારે મોટી ભરડ ગામના રહેવાશી શાહરુખ સુમરા સાથે ૧૦ વર્ષથી પ્રેમ સબંધ છે તેની સાથે જવું છે અને મારે દીકરો કે દીકરી જોતી નથી તેવું નિવેદન આપેલ છે. અરજદાર અમોની સાથે વારંવાર ઝગડાઓ કરી ને સામાવાળા પતિ દ્વારા અરજદાર પત્ની વિરુદ્ધ વ્યભિચાર (Adultery) સબબ કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવેલી છે. જે સ્ત્રી પોતે વ્યભિચારના ગંભીર કેસમાં સંડોવાયેલી હોય, તેની પાસે માસૂમ બાળકોનું ભવિષ્ય સુરક્ષિત નથી.

**૩.૫.** અમો સામાવાળા તથા અરજદારને બે સંતાન છે જેમાં પુત્ર આયુષ ઉ.વ.૫ તથા પુત્રી હર્ષિદા ઉ.વ.૧.૫ છે અરજદારે નામદાર કોર્ટ સમક્ષ માત્ર એક બાળકની કબજાની માંગણી કરેલ છે.પરંતુ વાસ્તવિકતા એ છે કે, અરજદાર માત્ર ૧.૫ વર્ષની દીકરીને પોતાની પાસે રાખવા તૈયાર છે, જ્યારે ૫ વર્ષના માસૂમ દીકરાને રાખવા સાફ ના પાડે છે. જે બાળકો પ્રત્યે પક્ષપાત અને ભેદભાવ દર્શાવે છે. અરજદાર ભરણપોષણ વધુ મેળવવા માટેના એક માત્ર ઉદેશ્યથી દીકરીનો કબજો મેળાવવા માંગે છે.

**૩.૬.** અમો સામાવાળા નો ૫ વર્ષનો માસૂમ પુત્ર આયુષ તેની માતાની પાસે જવા માટે વારંવાર માતા જીદ કરે છે. સામાવાળા પિતા તરીકે બાળકનું હિત ઈચ્છીને બંને બાળકોને માતા પાસે મોકલવા તૈયાર છે, પરંતુ અરજદાર પત્ની પોતે જ દીકરાને સ્વીકારવા તૈયાર નથી. આ હકીકત સાબિત કરે છે કે પત્નીએ નામદાર કોર્ટ સમક્ષ ખોટા તથ્યો રજૂ કરીને કલમ ૧૦૦ નો દુરુપયોગ કર્યો છે. અરજદાર પુત્રીને લઈ જવા માંગે છે જ્યારે પુત્રને સાથે લઈ જવાનો ઇનકાર કરતાં હોય પુત્ર પર તેની માનસિક ખરાબ અસર થાય તેમ છે તેમજ ભાઈ તથા બહેનને સાથે રહેવાનો કુદરતી અધિકાર છે માત્ર દીકરીને અલગ કરીને અલગ વાતાવરણમાં લઈ જવું કાયદા વિરૂદ્ધનું છે જેથી પુત્રીનો કબજો આપી સકાય નહીં ૫ વર્ષનો દીકરો તથા ૧.૫ વર્ષિની દીકરી હાલ

સામાવાળા પિતા પાસે અત્યંત ખુશ, સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણમાં રહે છે. તેના રહેઠાણ, ભોજન અને ભવિષ્યના શિક્ષણની સંપૂર્ણ વ્યવસ્થા સામાવાળા પિતા કરી રહ્યા છે. પત્નીના નકારાત્મક વલણ અને તેના ચારિત્ર્યને જોતા દીકરાનો કબજો અરજદારને સોંપવો બાળકના હિતમાં નથી.

**૩.૭.** બાળકોનું કલ્યાણ તે કાયદા કરતાં સર્વોપરી છે ગૌરવ નાગપાલ વિરુદ્ધ સુમેધા નાગપાલના નામદાર સુપ્રીમ કોર્ટના ચૂકદામાં સ્પષ્ટ થરવાયું છે કે, બાળકની કસ્ટડી નક્કી કરતાં સમયે કોઈ કાયદાકીય કલમ કે માતા પિતાના કાનૂની હક્ક કરતાં બાળકનું હિત અને કલ્યાણ સર્વોપરી છે હાલની અરજીમાં પુત્રીનું હિત જોતાં કબજો અરજદારને સોંપવામાં આવે તો પુત્રના કલ્યાણનું હિતનું હનન થાય છે તેમજ બાળકના મનમાં તેના માતા દ્વારા ત્યાગ કરેલ હોવાની લઘુતાગ્રંથિ રહે છે. જેથી નામદાર કોર્ટ ચુકાદો આપતા સમયે બીજા બાળકના હિતને નજર અંદાજ કરી સકે નહીં.આથી નામદાર કોર્ટને અરજ છે કે:

(અ) અરજદાર પત્ની દ્વારા કાયદાનો દુરુપયોગ કરીને કરવામાં આવેલી BNSS કલમ ૧૦૦ હેઠળની આ સર્ચ વોરંટની અરજી સદંતર રદ કરવામાં આવે.

(બ) ૫ વર્ષનો દીકરો સ્વેચ્છાએ અને કાયદેસર રીતે પિતા (સામાવાળા) પાસે જ રહેવા માંગતો હોઈ અને માતા તેને રાખવા નકાર કરતી હોઈ, દીકરાનો કાયદેસરનો કબજો સામાવાળા પિતા પાસે જ રાખવાનો આદેશ કરવામાં આવે.

**૩.૮.** ન્યાયના હિતમાં નામદાર કોર્ટને યોગ્ય જણાય તેવા અન્ય આદેશો કરવા નમ્ર અરજ છે. તેમ જણાવી પોતાની અરજીના સમર્થમાં આંક– ૮–એ થી દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે. અને પોતાના જવાબના સમર્થનમાં નામ. સુપ્રીમ કોર્ટના ગૌરવ નાગપાલ વિ. સુમેઘા નાગપાલ સીવીલ અપીલ નં.૫૦૯૯/૨૦૦૭ ના ચુકાદા પર આધાર રાખેલ છે. જે આ કામે માનસહ વંચાણે લીધેલ છે.

**૪.** આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાએ તેઓની સગી પુત્રીને ગે.કા. રીતે ગોંધી રાખેલ છે?

૨. શું અરજદાર પુરવાર કરેલ છે કે, તેઓ સગીર પુત્રીનો કબ્જો મેળવવા હકકદાર છે?

૩. શું હુકમ?

**૫.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) મુદ્દા નંબર : ૧ : **નકારમાં**

(૨) મુદ્દા નંબર: ૨ : **નકારમાં**

(૩) મુદ્દા નંબર :૩ : **આખરી હુકમ મુજબ.**

**:: કારણો ::**

**૬.** ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મુદા નં.૧ તથા ૨ અન્વયે મારા કારણો નીચે મુજબ છે. આ કામે નિર્ણય અર્થેના મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય હકીકતનું પુનરાવર્તન નિવારવા સદર મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**(૬.૧.)** આ કામે અરજદાર દવારા હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ-૧૦૦ મુજબ તેઓની સગી પુત્રી હર્ષીદા ઉ.વ.૧ વર્ષ ૫ માસનો સર્ચ વોરંટથી કબ્જો મેળવવા હાલની અરજી લાવેલ છે ત્યારે સદર અરજી અન્વયે ચર્ચા કરતા પહેલા બી.એન.એસ.એસ.ની કલમ-૧૦૦ અહીં ધ્યાને લેવી આવશ્યક જણાય છે. જે નીચે મુજબ છે.

**100.** If any District Magistrate, Sub-divisional Magistrate or Magistrate of the first class has reason to believe that any person is confined under such circumstances that the confinement amounts to an offence, he may issue a search-warrant, and

the person to whom such warrant is directed may search for the person so confined; and such search shall be made in accordance therewith, and the person, if found, shall be immediately taken before a Magistrate, who shall make such order as in the circumstances of the case seems proper.

(૬.૨.) આમ, ઉપરોકત કલમનો હાર્દ ધ્યાને લેતા જો કોઇ જીલ્લા મેજીસ્ટ્રેટ , પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ, અથવા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટને એવુ માવવાને કારણ રહે કે કોઇ વ્યક્તીને બંધનમાં રાખવામાં આવી છે અને અને તે વ્યક્તીને બંધનમાં રાખવાનુ કુત્ય ગુનો બનતુ હોય ત્યારે ઝડતી વોરંટ કાઢી શકે છે અને તે બંધનમાં રખાયેલ વ્યકતી મળી આવે તો તેને મેજીસ્ટ્રેટ સમક્ષ લાવવામાં આવશે અને કેસના સંજોગો ધ્યાને લઇ મેજીસ્ટ્રેટને યોગ્ય જણાય તેવો હુકમ કરી શકે છે, આમ ઉપરોક્ત કાનુની પરીસ્થીતી ધ્યાને લઇ અરજદારની અરજી તથા સામાવાળાનો જવાબ તથા રેકર્ડ પરનો પુરાવો અને દલીલો ધ્યાને લઇ ચર્ચા કરીએ તો રેકર્ડ પરના પુરાવાથી એ હકીકત નિર્વીવાદ છે કે આ કામના અરજદાર તથા સામાવાળા નં.૧ પતિ–પત્ની છે અને સામાવાળા નં.ર અને ૩ અરજદારના સાસુ–સસરા થાય છે તેમજ અરજદાર અને સામાવાળા નં.૧ ના લગ્ન જીવનથી અરજદારને સંતાનમાં એક પુત્ર ''આયુષ'' ઉ.વ.૫ તથા એક પુત્રી ''હર્ષિદા'' ઉ.વ.૧ વર્ષ અને ૫ મહિના થયેલ છે અને બંને સગીર સંતાનોનો કબ્જો હાલ સામાવાળાઓ પાસે છે, આમ અરજદારના સગીર સંતાનોનો કબ્જો સામાવાળા પાસે પિતા તરીકે રહેલ હોય ત્યારે તેમની સગીર પુત્રીનો કબ્જો ગેરકાયદેસર ગણાય ગણાય કે કેમ તે અનવ્યે નામ. જમ્મુ અને કાશમીર હાઇકોર્ટ દ્વારા **SHOWKAT AHMAD MIR ... PETITIONER(S) Vs. NIGHAT BEGUM … RESPONDENT(S) CORAM: HON'BLE MR. JUSTICE SANJAY DHAR, JUDGE ORDER(ORAL) 12.02.2024** ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે કે, 9) Thus, two things are essential before a

Magistrate can issue a search warrant under Section 97 of Cr. P. C; one is that a person should be confined and second is that the confinement of such person should amount to an offence.

11) As is clear from the averments made in the application filed by the respondent and the observations made by the learned Magistrate in the impugned order, the primary concern of the mother as well as the learned Magistrate is the welfare of the minor child. So far as this aspect of the matter is concerned, the same has to be taken into account by the Court while deciding a petition for custody of the minor child under the Guardians and Wards Act. In a proceeding under Section 97 of the Code of Criminal Procedure, the Magistrate has to ascertain from the material produced before him as to whether confinement of the child amounts to an offence. As already stated, the allegation of the respondent is that the minor child is in custody of the petitioner/father. **The custody of a child with his father can, in no circumstances, be termed as illegal confinement amounting to an offence as the father happens to be the natural guardian of a minor child.**

આમ ઉપરોક્ત ચુકાદાનો હાર્દ લક્ષમાં લેતા પિતા પાસે રહેલ બાળકની કસ્ટડી ગેરકાયદેસર ગણી શકાય નહી કારણ કે પિતા પણ સગીર સંતાનના કુદરતી વાલી રહેલ છે, વધુમાં અરજદારની અરજી અનવ્યે આંક–૦૯ થી અરજદારની કોર્ટ રૂબરૂની અરજદારની સોગંદ પરની જુબાની ધ્યાને લેતા તેઓના સગીર સંતાનો સામાવાળાઓ પાસે છેલ્લા ત્રણ મહિનાથી રહેલ હોવાનુ સ્વીકારેલ છે અને અરજદાર ત્રણ મહિનાથી તેમના માવતરે રહેતા હોય અને તેઓની પુત્રીને તેમના ઘરવાળા તેમજ સાસુ–સસરા સંભાળતા હોવાનું પણ પોતાના પુરાવામાં સ્વીકારેલ છે જેથી પણ અરજદારની સગીર પુત્રીને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ હોવાનું માની શકાય તેમ નથી, આ કામે અરજદારની પુત્રીની ઉમર ધ્યાને લેતા દોઢ વર્ષની હોવાનુ ફલીત થાય

છે ત્યારે એ વાતથી આ કોર્ટ ઈન્કાર કરતી નથી કે નાના બાળકને તેની માતાની હુફ પ્રેમ અને દરકારની વિશેષ જરુર રહે છે, પરંતુ હાલના કામે સામાવાળાનો જવાબ ધ્યાને લેતા અરજદારે તેઓની પુત્રીનો ત્યાગ કરેલ હોવાનું અને સામાવાળાઓ તેને સારી રીતે રાખતા હોવાનું અને તેમની પુત્રી હર્ષિદાની દેખભાળ સામાવાળાઓ કાયદેસરના રક્ષણ અને પ્રેમથી જીવી રહેલ હોવાનું જણાવેલ હોય તેમજ સામાવાળાઓ દવારા અરજદાર વિરૂધ્ધ કરવામાં આવેલ આક્ષેપો ધ્યાને લેતા તેમજ અરજદાર પોતાના સોગંદ પરના પુરાવામાં તેમને સગીર દિકરો જોઈતો ન હોય અને માત્ર  સગીર દિકરી માત્ર જોઈતી હોય અને તેમનાથી છોકરો સચવાતો ન હોવાનું તેમજ તેણી કયારેક કયારેક મજુરીએ જતા હોવાનું તેમજ તેમના માતા–પિતા કામે જતા હોવાનું અને તેમની પુત્રીને તેમના સાસુ–સસરા અને પતિ સાચવતા હોવાનું પોતાના પુરાવામા જણાવતા હોય વિશેષમાં તેમની પુત્રીને સ્તનપાન કરાવતા ન હોવાનું અરજદાર પોતાના પુરાવામાં જણાવતા હોય તેવા સંજોગોમાં હાલ બંન્ને બાળકોની સામાવાળાઓ દેખભાળ અને કાળજી લેતા હોવાનુ રેકર્ડ પર આવેલ હોય ત્યારે અરજદાર તથા સામાવાળા નં.૧ ના બંન્ને બાળકોનું કલ્યાણનું પાસું ધ્યાને લેતા બંન્ને બાળકો હાલ સામાવાળા પાસે રહેલ હોય જેથી તેઓને અલગ કરી અરજદાર તથા સામાવાળા પાસે અલગ અલગ રાખવા પણ હિતાવહ અને ન્યાયોચિત જણાતું નથી.

**(૬.૩.)** વધુમાં બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૦ વંચાણે લેતા બાળકોની કસ્ટડી અન્વયે નિર્ણય કરવાની સત્તા આ કોર્ટને રહેલી નથી. અરજદાર પોતાની પુત્રીનો કબ્જો મેળવવા માંગતા હોય, તેઓએ યોગ્ય હકુમતવાળી કોર્ટમાં ગારડીયન અને વોર્ડ એકટ હેઠળ અરજી કરી તેઓની સગીર પુત્રી બાબતે માંગણી કરી શકે છે. બિ.એન.એસ.એસ.ની કલમ–૧૦૦ અન્વયેની હાલની અરજી તળે અત્રેની કોર્ટ દવારા માત્ર એટલું નકકી કરવાનું રહે છે કે, અરજદારની પુત્રીની કસ્ટડી ગેરકાયદેસર અટકાયત ગણી શકાય તે રીતે તેને રાખવામાં આવેલ છે કે કેમ આ કામે અરજદારની અરજી, અરજદારનો

કોર્ટ રૂબરૂનો પુરાવો, સામાવાળાનો જવાબ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સામાવાળાઓ પાસે પિતા તથા દાદા–દાદી તરીકે સગીર પુત્રીનો કબ્જો રહેલ હોય તેવા સંજોગોમાં સગીર પુત્રીની કસ્ટડી સામાવાળાઓ પાસે ગેરકાયદેસર ઠરાવી શકાય નહીં. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ અરજદારને હાલની અરજીમાં માંગ્યા મુજબ તેમની પુત્રનો સામાવાળાઓ પાસેથી કબ્જો સોંપવા માટે કોઇ વ્યાજબી અને ઉચીત કારણ રેકર્ડ પર આવેલ ન હોય તેવા સંજોગોમાં **મુદા નં.૧ અને ૨** નો જવાબ આથી **નકારમાં** ઠરાવી મુદા નં.૩ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) અરજદારની હાલની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામે સામાવાળાઓએ અરજદાર જયારે પણ તેની પુત્રીને મળવા આવે ત્યારે તેમની પુત્રીને મળવા માટે કોઇ અટકાયત કે અવરોધ કરવો નહીં તેવો વિશેષમાં હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા.**૨**મી માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૦૨–૦૬–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઇ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૦૧૫૮૪